પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૪ ૪ ઓક્ટોબર, ૨૦૨૨, મંગળવાર; આસો સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુપીમાં દુર્ગા પંડાલમાં આગ : ૩ના મોત

**દુર્ગા પંડાલમાં લાગેલી આગની તપાસ સીટ કરશે : ૬૪ કરતા વધારે લોકો ગંભીર રીતે દાઝ્યા : પૂજા પંડાલને કાગળ અને થર્મોકોલથી ગુફા જેવો બનાવાયો હતો : મોટી સંખ્યામાં લોકો ત્યાં હાજર હતા**



ભદોહી, તા.૩

ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાં દુર્ગા પંડાલમાં રવિવારે રાતે લગભગ નવ વાગે આરતી થઈ રહી હતી. આરતી સમયે ૧૦૦થી વધુ લોકો ત્યાં હાજર હતા. અચાનક આગ લાગી અને અફરાતફરી મચી ગઈ. દસ જ મિનિટમાં આખો પંડાલ બળીને ખાખ થઈ ગયો. આ અકસ્માતમાં ૩ લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે અને ૫૦થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. માહિતી ડીએમ ગૌરાંગ રાઠીએ આપી. તેમણે જણાવ્યું કે મૃતકોમાં ૧૦ અને ૧૨ વર્ષના બાળકો અને ૪૫ વર્ષની એક મહિલા સામેલ છે.

ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાં રવિવારે રાત્રે એક મોટો અકસ્માત થયો હતો. આરતી દરમિયાન દુર્ગા પૂજાના પંડાલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટના ઔરાઈ કોતવાલી વિસ્તારની છે. જણાવવામાં આવી રહ્યું છે કે આગને કારણે ત્રણ લોકોના મોત થયા છે અને ઘણા લોકો દાઝી ગયા છે. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યું હતું. જો કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## ભારતીય બનાવટના હળવા ફાઈટર હેલિકોપ્ટર વાયુસેનામાં સામેલ

**એચસીએલને એચએએલ દ્વારા વિકસિત કરવામાં આવ્યું : આ હેલિકોપ્ટરને ઊંચાઈવાળા વિસ્તારમાં તૈનાત કરવા ડિઝાઈન કરાયા છે**

જોધપુર, તા.૩

ભારતીય બનાવટના હળવા ફાઈટર હેલિકોપ્ટર (એલસીએચ) ઔપચારિક રીતે ભારતીય વાયુસેનામાં જોડાઈ ગયા છે. આ હેલિકોપ્ટર સ્વદેશી છે તે તેની સૌથી મોટી ખાસિયત છે અને આ સાથે તેમાં કેટલીક જરુરી ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જે દુશ્મનના દાંત ખાટા કરી નાખશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં સ્વદેશી હેલિકોપ્ટરનો વાયુસેનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ દરમિયાન



આઈએએફ પ્રમુખ એર ચીફ માર્શલ વીઆર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશી હેલિકોપ્ટર વાયુસેના સાથે જોડાયા તે પહેલા સર્વધર્મ પ્રાર્થના પણ કરવામાં આવી હતી. આ પછી વાયુસેનાએ બતાવ્યું કે આ હેલિકોપ્ટર કઈ રીતે દેશ માટે મહત્વના સાબિત થશે. ભારતીય વાયુસેનામાં અપાચે અને ચિનૂક હેલિકોપ્ટર બાદ આજે સ્વદેશી લડાકુ વિમાન પ્રચંડની એન્ટ્રી થઈ ગઈ છે. પ્રચંડથી વાયુસેનાની તાકાત વધી જશે કારણ કે તે ઘણી રીતે દુશ્મનોના દાંત ખાટા કરવા માટે સક્ષમ છે. એચસીએલને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે.

આ હેલિકોપ્ટરને પ્રાથમિક રીતે ઊંચાઈવાળા વિસ્તારમાં તૈનાત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓમાં ઘટાડો

**ભારતનો મેન્યુફેક્ચરિંગ PMI ત્રણ મહિનાની તળિયે : સ્થાનિક અને વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં વધારાની અસર**

નવી દિલ્હી, તા.૩

સ્થાનિક અને વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં વધારાની અસર ભારતીય અર્થતંત્રમાં પર જોવા મળી રહ્યાં છે. સપ્ટેમ્બર મહિનામાં ભારતની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓમાં ઘટાડો નોંધાયો છે. એસએન્ડપી ગ્લોબલનો પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) ઓગસ્ટમાં ૫૬.૨થી ઘટીને ૫૫.૧ થયો છે. પીએમઆઈ ઈન્ડેક્સ ગત મહિને ૩ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે.

સામાન્ય રીતે પીએમઆઈ ઈન્ડેક્સનું ૫૦થી ઉપરનું રીડિંગ વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ સૂચવે છે, જ્યારે ૫૦થી નીચેનું પીએમઆઈ રીડિંગ ઘટાડો સૂચવે છે.

એસએન્ડપી માર્કેટ ઈન્ટેલિજન્સનાં એસોસિયેટ ડિરેક્ટર ઑફ ઈકોનોમિક્સ પોલિઆના ડી લિમાએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે અનેક અવરોધો

## હેમંત સોરેનના સાથીના ઘરેથી સીએમની પાસબુક-ચેકબુક મળી

**ગેરકાયદેસર ખનન મામલે ઝારખંડના સીએમની મુશ્કેલી વધી : સોરેને પદનો લાભ લઈ માઈનિંગ લીઝનું ખાતું પોતાને હસ્તક રાખ્યું હતું, તેથી તેઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે**

રાંચી, તા.૩

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ગેરકાદેસર ખનનના મામલે મુશ્કેલીઓ વધી રહી છે. તેમના નજીકના સાથી અને ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) ના નેતા પંકજ મિશ્રાના ઘરેથી દરોડા દરમિયાન સીએમની એક બેંક પાસબુક, સહી કરેલ અને સહી વગરની ચેકબુક મળી આવી છે. ઈડીનું કહેવું છે કે, મિશ્રા રાજ્યમાં કથિત ગેરકાયદેસર ખનન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય આરોપી છે.

મિશ્રાની ૧૯ જુલાઈના રોજ પ્રિવેન્સન ઓફ મની લોન્ડરિંગ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તે ન્યાયિક કસ્ટડીમાં છે. આ કેસમાં મિશ્રા ઉપરાંત તેના સહયોગી બચ્ચુ યાદવ અને પ્રેમ પ્રકાશને આરોપી બનાવવામાં આવ્યા છે. બંનેની અનુક્રમે ૪ અને ૫ ઓગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ ન્યાયિક કસ્ટડીમાં છે.

ઈડીએ ૮ માર્ચના રોજ સાહિબગંજ જિલ્લામાં એફઆઈઆરના આધારે મિશ્રા અને અન્યોની સામે કથિત મની લોન્ડરિંગ કેસમાં તપાસ શરૂ કરી હતી. ૧૬ સપ્ટેમ્બરના રોજ ફેડરલ એજન્સીએ સ્પેશિયલ પીએમએલએ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ જેવી ફરિયાદમાં જેએમએમના ભૂતપૂર્વ

● અનુસંધાન પાન-૭ પર

## મોંઘવારી સતત ઊંચા સ્તરે રહેવી તે આરબીઆઈ માટે નીતિ વિષયક ચિંતા

**ભારતમાં મોંઘવારી દીવાળી પણ બગાડી શકે છે : મોંઘવારીમાં હમણાં રાહત નહીં મળે : યોગ્ય ચોમાસું અને વૈશ્વિક સપ્લાય ચેન ફરી શરું થતાં ભારતમાં મોંઘવારી ઘટશે : ૧થી વધુ વર્ષ માટે રાહ જોવી પડી શકે છે**

નવી દિલ્હી, તા.૩

સતત ઊંચો ફુગાવો ચાલુ રહેવો એટલે કે મોંઘવારી સતત ઊંચા સ્તરે રહેવી તે ભારતીય રિઝર્વ બેંક (ઈંઁ) માટે એક મહત્વપૂર્ણ નીતિ વિષયક ચિંતા છે, પરંતુ પૂરતા વરસાદ અને વૈશ્વિક સપ્લાય ચેનની સમસ્યાઓઓ હળવી થવાને કારણે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દબાણ હળવું થવાની સંભાવના છે. આરબીઆઈના એક રિપોર્ટમાં આ અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

આરબીઆઈના આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એપ્રિલ ૨૦૨૩થી શરૂ થતા આગામી નાણાકીય વર્ષમાં રિટેલ મોંઘવારી નિયંત્રણમાં આવશે અને તેનું સ્તર ૫.૨ ટકા રહેવાની આશા છે. જોકે ચાલુ નાણાકીય વર્ષમાં તે ૬.૭ ટકા રહેવાનો અંદાજ છે.

'મોનેટરી પોલિસી રિપોર્ટ સપ્ટેમ્બર ૨૦૨૨'માં ઈઁએ જણાવ્યું હતું કે, "સારું ચોમાસું, સપ્લાય ચેનમાં સતત વિક્ષેપો દૂર થવા અને અન્ય કોઈ બાહ્ય કે નીતિગત આંચકા ન લાગે તેવા સંજોગોમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ફુગાવો સરેરાશ ૫.૨ ટકા રહેશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું હબતું."

જાન્યુઆરી ૨૦૨૨ થી મોંઘવારીનું સ્તર આરબીઆઈની સંતોષકારક ઉપલી મર્યાદા (૬ ટકા)થી ઉપર રહ્યું છે.

## કોલકાતાથી ૧૧.૬૬ કરોડનું ૨૩ કિલો દાણચોરીનું સોનું પકડાયું

**ડીઆરઆઈ અને બંગાળ પોલીસની સંયુક્ત કાર્યવાહી :**

કલકત્તા, તા.૩

રેવન્યુ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ (ડીઆરઆઈ) અને બંગાળ પોલીસે એક સંયુક્ત કાર્યવાહીમાં લગભગ ૨૩ કિલો તસ્કરીનુ સોનુ પકડ્યુ છે. પકડાયેલા સોનાની કિંમત બજારમાં ૧૧.૬૬ કરોડ રૂપિયા છે. આ સંબંધિત ડીઆરઆઈના અધિકારીઓએ જણાવ્યુ કે ઉત્તર બંગાળના પ્રાદેશિક એકમે બંગાળ પોલીસના સહયોગના આ સોનાને જલપાઈગુડીના માલબજાર પાસે જપ્ત કર્યુ છે. જાણકારી અનુસાર આટલા મોટા પ્રમાણમાં સોનાની ખેપને ભારત-મ્યાનમાર સરહદ દ્વારા તસ્કરીના માધ્યમથી ભારતમાં લાવવામાં આવી રહ્યુ હતુ. તસ્કરોનો પ્રયત્ન હતો કે આ ૧૧.૬૬ કરોડ રૂપિયાની કિંમતના સોનાને સુરક્ષિત પોલીસની નજરોથી બચાવતા કલકત્તા પહોંચાડી દે.

આ માટે તસ્કરોએ ૨૩ કિલો સોનાને બે એસયુવીમાં ખૂબ ચાલાકીથી છુપાવ્યુ હતુ પરંતુ ડીઆરઆઈને મળેલી ચોક્કસ જાણકારીના આધારે તસ્કરોનો ઈરાદો નાકામ થઈ ગયો પરંતુ તસ્કરોના કબ્જામાંથી સોનાને મેળવવુ સરળ નહોતુ. કેમ કે તસ્કરોએ બંને એસયુવીમાં ગુપ્તરીતે સોનાને છુપાવ્યુ હતુ પરંતુ બાતમીદાર એટલા ચોક્કસ હતા કે પોલીસને માહિતી મળી જ ગઈ.

## ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન મુલાયમસિંહની તબિયત નાજુક

**તેમને ખાનગી હોસ્પિટલમાં આઈસીયુમાં રખાયા, કાર્યકરોને હોસ્પિટલ પર એકઠા ન થવા પક્ષ દ્વારા અપીલ**

નવી દિલ્હી, તા.૩

સમાજવાદી પાર્ટીના સ્થાપક અને યુપીના પૂર્વ સીએમ મુલાયમસિંહ યાદવની સ્થિતિ ગંભીર છે. તેમને હાલમાં પ્રાઈવેટ હોસ્પિટલના આઈસીયુમાં રાખવામાં આવ્યા છે.

મુલાયમસિંહની તબિયત લથડયા બાદ તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા.તેમની હાલત નાજુક છે અને ડોકટરોએ મેડિકલ બુલેટિન બહાર પાડીને કહ્યુ છે કે, તેમની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

સમાજવાદી પાર્ટીએ કાર્યકરોને અપીલ કરી છે કે, બધાને વિનંતી છે કે હોસ્પિટલ બહાર ભેગા થવાની જરૂર નથી. નેતાજીના સ્વાસ્થ્યને લઈને સમયાંતરે જાણકારી આપવામાં આવશે.

આ પહેલા પુત્ર અખિલેશ યાદવ અને પુત્રવધુ ડિમ્પલ યાદવ પણ હોસ્પિટલ પહોંચ્યા છે. બીજી તરફ પીએમ મોદી તથા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે મુલાયમસિંહની તબિયત વહેલી તકે સારી થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## હૈદ્રાબાદમાંથી પોલીસે ત્રણ આતંકવાદીની ધરપકડ કરી

**તેલંગણાના પાટનગરમાં આતંકી કાવતરું ઘડ્યું હતું : આતંકીઓના કબજામાંથી ચાર ગ્રેનેડ, ૫ લાખ ૪૧ હજાર ૮૦૦ની રોકડ, ૫ મોબાઈલ, મોટરસાઈકલ જપ્ત કરાઈ**

હૈદરાબાદ, તા.૩

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવા બદલ પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે.

પોલીસે તેમના કબજામાંથી ચાર ગ્રેનેડ, ૫ લાખ ૪૧ હજાર ૮૦૦ રૂપિયાની રોકડ, ૫ મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ જપ્ત કરી છે. ત્રણેય પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હોવાની આશંકા છે. ત્રણેય શકમંદો પર સંઘ અને ભાજપના નેતાઓ પર હુમલાનો પણ આરોપ છે. જોકે, સ્ટેટ કાઉન્ટર-ઈન્ટેલિજન્સ સેલ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ સમક્ષ તેણે આપેલા નિવેદનોમાં તેનો ઉલ્લેખ નથી.

પોલીસના જણાવ્યા પ્રમાણે મલકપેટના અબ્દુલ ઝાહિદે વિસ્ફોટો અને અન્ય આતંકવાદી કૃત્યોનું કાવતરું ઘડવા માટે જૂના સહયોગીઓ સાથે પાકિસ્તાન સ્થિત આએસઆઈ સાથે ફરી સંપર્ક કર્યો હતો. તે આ પહેલા પણ હૈદરાબાદમાં આતંકવાદ સાથે જોડાયેલા અનેક મામલોમાં સામેલ હતો.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જાહિદને ૪ ગ્રેનેડનો જથ્થો મળ્યો હતો અને તે હૈદરાબાદમાં સનસનાટીભર્યા આતંકી હુમલાને અંજામ આપવા જઈ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## તહેવારો નજીક આવતા સોના-ચાંદીની કિંમતમાં ઊછાળો

નવી દિલ્હી, તા.૩

સોના-ચાંદીની કિંમતમાં વૈશ્વિક ઘટાડાની અસર ઓછી થતી જણાઈ રહી છે. તો બીજી તરફ દિવાળીના તહેવારો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ સોના ચાંદીમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવ ૫૦ હજાર ઉપર પહોંચી ગયા છે.

બીજી તરફ ચાંદીના ભાવમાં પણ ૫૬ હજારથી ઉપર પહોંચી ગયા છે. આજે સવારે ૧૦.૪૫ વાગ્યે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર સોનું ૦.૪૧ ટકા ઊછળીને ૫૦,૩૯૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદી ૦.૯૫ ટકા વધીને ૫૭,૪૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું છે.

**સોનું તેની રેકોર્ડ કિંમતથી હજુ પણ ઘણું જ સસ્તું : સોનાના ભાવ ૫૦ હજાર ઉપર પહોંચી ગયો છે, જ્યારે ચાંદીનો ભાવ પણ ૫૬ હજારથી ઉપર પહોંચી ગયો**

બે દિવસના ઉછાળાથી સોનું ફરી ચળકળાટ મારી રહ્યું છે. આ સાથે સોનું તેની રેકોર્ડ કિંમતથી હજુ પણ ઘણું જ સસ્તું મળી રહ્યું છે. આથી જો તમારે સોનાની ખરીદી કરવી હોય તો અત્યારે પણ તમારા માટે સારો મોકો છે.

આજે સવારે ૧૦.૪૫ વાગ્યે એમસીએક્સ પર ડિસેમ્બરના વાયદાનું સોનું ૦.૪૧ ટકા વધીને ૫૦,૩૯૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. બીજી તરફ ડિસેમ્બરના વાયદાનું ચાંદી ૦.૯૫ ટકા વધીને ૫૭,૪૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું.

## જોઈએ છે

**અમારા ગાંધીનગર ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે નીચે મુજબનો ફ્રેશર / અનુભવી સ્ટાફ તાત્કાલિક જોઈએ છે.**

| અનુ. | લાયકાત | સંખ્યા |
|---|---|---|
| ૧ | એમ.એસ.સી. કેમીસ્ટ (મેલ/ફીમેલ) | ૦૧ |
| ૨ | બી.એસ.સી. કેમીસ્ટ (મેલ) | ૦૧ |
| ૩ | ડીપ્લોમા ઈલેક્ટ્રીક એન્જીનીયરીંગ (મેલ) | ૦૧ |
| ૪ | ડીપ્લોમા મીકેનીકલ એન્જીનીયરીંગ (મેલ) | ૦૧ |
| ૫ | ઈન્સ્ટ્રુમેન્ટ આઈ.ટી.આઈ. (મેલ) | ૦૧ |

**ઉપર્યુક્ત ઈન્ટરવ્યુ તા. ૫/૧૦/૨૦૨૨ના રોજ સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી નીચેના સરનામે યોજવામાં આવ્યા છે. જેમાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધારકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઉમેદવારે હાજર રહેવાનં રહેશે.**

**સરનામું**
**ડી-૨૦૧, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩**
**એસ.બી.આઈ. એ.ટી.એમ.ના ઉપર, બીજા માળે,**
**ખ-રોડ, સરગાસણ, ગાંધીનગર.**
**મો. નં. ૭૦૬૯૭૦૦૬૦૦**